કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં ફાયર એન.ઓ.સી. મેળવવા બાબત

સત્યમેવ જયતે

**ગુજરાત સરકાર**

**શ્રમ અને રોજગાર વિભાગ**

**ઠરાવ ક્રમાંકઃ એફએસી/૧૪૨૦૨૦/૪૫૬૮૯૪/મ૩**

**સચિવાલય, ગાંધીનગર**

**તા. ૨૬/૧૧/ ૨૦૨૦**

**વંચાણે લીધાઃ-** (૧) અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ , ૨૦૧૩

(૨) તા.૨૨/૧૦/૨૦૨૦ નો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો પત્રક્રમાંકઃ અગન/ ૧૦૨૦૨૦/૩૩૯/એલ-૧

**આમુખ:-**

અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ , ૨૦૧૩ અને તે અન્વયે ઘડાયેલ ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ અને ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક વિનિયમો-૨૦૧૬ અન્વયે કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં ફાયર એન.ઓ.સી (N.O.C) મેળવવાની જોગવાઈ થયેલ છે. જે અન્વયે દરેક કારખાનેદારે ફાયર એન.ઓ.સી. (N.O.C) મેળવવી જરૂરી છે. અનુભવે એવું જણાયેલ છે કે, કારખાના ધારા -૧૯૪૮માં કારખાનેદારે ફાયર એન.ઓ.સી (N.O.C) મેળવવાની કોઈ જોગવાઈ ન હોવાના કારણે કારખાનેદારો દ્વારા ફાયર એન.ઓ.સી(N.O.C) મેળવાતું નથી, પરંતુ ઉપર દર્શાવેલ અધિનિયમો, નિયમો અને વિનિયમો મુજબ કારખાના ધારકોએ પણ ફાયર એન.ઓ.સી(N.O.C) મેળવવું જરૂરી છે.

**ઠરાવ :-**

ઉપરોક્ત બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) કારખાનેદારોએ કારખાનાનાં નવા લાઇસન્સ માટે અરજી કરે ત્યારે સક્ષમ અધિકારી પાસેથી ફાયર એન.ઓ.સી મેળવીને લાયસન્સની અરજી સાથે અચૂક રજુ કરવાનું રહેશે.

(૨) કારખાનેદારે કારખાનાનું લાયસન્સ તાજુ કરતી વખતે / લાયસન્સ તાજુ કરવાની અરજી સાથે સક્ષમ અધિકારી પાસેથી ફાયર એન.ઓ.સી. મેળવીને રજુ કરવાનું રહેશે.

(૩) હાલ જે કારખાનેદારો પાસે ફાયર એન.ઓ.સી નથી તેઓએ તાત્કાલિક સક્ષમ સત્તાધિકારી પાસેથી ફાયર એન.ઓ.સી મેળવવાનું રહેશે અને તેની જાણ સંબંધિત જીલ્લા કક્ષાએ નાયબ/મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને કરવાની રહેશે અને તેની એક નકલ નિયામકશ્રી , ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી , અમદાવાદને રજુ કરવાની રહેશે.

(૪) ફાયર એન.ઓ.સી. આપતી વખતે અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ , ૨૦૧૩, તેના નિયમો અને વિનિયમો હેઠળ નિમાયેલ સક્ષમ અધિકારી દ્વારા સદરહુ કાયદાની જોગવાઇઓ તથા નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના તા.૨૪/૯/૨૦૧૯ ના ક્રમાંકઃ ડીઆઇએસએચ/એચ-સેફટી/૨૦૧૯/ ૯૫૮ થી ૧૦૫૭ ના પરિપત્રનું પણ પાલન થાય તેની ખાતરી કરવાની રહેશે.

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઈલ ઉપર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૧૯/૧૧/૨૦૨૦ તથા સરકારશ્રીની તા. ૨૦/૧૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીની હુકમથી અને તેમના નામે ,

(જૈમિન બી.શાહ )
સેકશન અધિકારી
શ્રમ અને રોજગાર વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.( પત્ર દ્વારા )
૨. માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
૪. માન. મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.

૫. માન. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/ માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/ માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
૬. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં. – ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના અંગત સચિવશ્રી , બ્લોક ૫/૬ સચિવાલય, ગાંધીનગર.
૮. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અંગત સચિવશ્રી ,બ્લોક નં. – ૧૪/૯, સચિવાલય, ગાંધીનગર.
૯. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન : અમદાવાદ /વડોદરા /સુરત /રાજકોટ /ભાવનગર /જામનગર /ગાંધીનગર /જુનાગઢ.
૧૦. કમિશ્નર મ્યુનિસિપાલિટી એડમીનીસ્ટ્રેશન, બ્લોક ૧/૪ કર્મયોગી ભવન, સેક્ટર ૧૦એ , ગાંધીનગર.
૧૧. ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, બ્લોક- ૧૧/૫ ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
૧૨. શ્રમ નિયામકશ્રી, ગુ.રા., ઉદ્યોગ ભવન, સેક્ટર – ૧૧, ગાંધીનગર.
૧૩. નિયામક, રોજગાર અને તાલીમ , ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક–૧/૩, ગાંધીનગર.
૧૪. નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ. ને તમામ નાયબ/મદદનીશ નિયામકશ્રી , ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને જરૂરી સુચના આપવા સારું.
૧૫. સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
૧૬. આઈ.ટી. સેલ , શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલયને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
૧૭. સિલેકટ ફાઇલ – શાખા/ નાયબ સેકશન અધિકારીશ્રી, – ૨૦૨૦.